# સૌરાષ્ટ્ર યુનિવર્સિટી

**Accredited Grade "B" by NAAC (4th Cycle)**

## સિન્ડિકેટ સભાની કાર્યવાહી નોંધ

## તા.૦૯/૦૬/૨૦૨૨

સૌરાષ્ટ્ર યુનિવર્સિટી કાર્યાલય,
યુનિવર્સિટી કેમ્પસ,
યુનિવર્સિટી રોડ,
રાજકોટ-૫

Accredited Grade "B" by NAAC (4th Cycle)

# SAURASHTRA UNIVERSITY

SyndicateSection
University Campus, University Road, Rajkot – 360005
PhoneNo. : (0281) 2578501 Ext. No. 116 / FAX No. : (0281) 2586983
E-mail Id :syndicate@sauuni.ac.in

સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સિન્ડિકેટની માહે જુન-૨૦૨૨ની સિન્ડિકેટની સભા તા.૦૯/૦૬/૨૦૨૨ને ગુરૂવારના રોજ સાંજનાં ૦૫:૦૦ કલાકે, સિન્ડિકેટ મીટીંગ રૂમ, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી કાર્યાલય, યુનિવર્સિટી કેમ્પસ, યુનિવર્સિટી રોડ, રાજકોટ ખાતે મળેલ, જેમાં સભ્યશ્રીઓની હાજરી નીચે પ્રમાણે હતી.

| ક્રમ | સભ્યશ્રીનું નામ | હાજર/ગેરહાજર |
|---|---|---|
| ૧. | ડો. ગિરીશભાઈ સી.ભીમાણી, કુલપતિશ્રી | હાજર |
| ૨. | ઉપકુલપતિશ્રી | --ખાલી-- |
| ૩. | ડાયરેકટર ઓફ હાયર એજયુકેશન ઉચ્ચ શિક્ષણ કમિશ્નરની કચેરી | ગેરહાજર |
| ૪. | ડાયરેકટર ઓફ ટેકનીકલ એજયુકેશન<br>ટેકનીકલ અને શિક્ષણ નિયામકશ્રીની કચેરી | ગેરહાજર |
| ૫. | નિયામકશ્રી, આરોગ્ય અને તબીબી સેવાઓ તથા<br>તબીબી શિક્ષણની કચેરી | ગેરહાજર |
| ૬. | ડો. રાજેશભાઈ આર. કાલરીયા | હાજર |
| ૭. | ડો. ધરમભાઈ ડી. કાંબલીયા | હાજર |
| ૮. | ખાલી | --ખાલી-- |
| ૯. | ડો. શ્રીમતિ દક્ષાબેન પી. ચૌહાણ | હાજર |
| ૧૦. | ખાલી | --ખાલી-- |
| ૧૧. | ખાલી | --ખાલી-- |
| ૧૨. | ખાલી | --ખાલી-- |
| ૧૩. | ખાલી | --ખાલી-- |
| ૧૪. | ખાલી | --ખાલી-- |
| ૧૫. | ડો. કલાધરભાઈ એ. આર્ય | હાજર |
| ૧૬. | ખાલી | --ખાલી-- |
| ૧૭. | ડો. અનિરૂદ્ધસિંહ પઢિયાર | હાજર |
| ૧૮. | ડૉ. પાર્થિવભાઈ જોશી | હાજર |
| ૧૯. | ડો. મહેશભાઈ બી. ચૌહાણ | હાજર |
| ૨૦. | ડૉ. વિમલભાઈ પરમાર | હાજર |

## -: કાર્યવાહી નોંધ :-

૧
સિન્ડિકેટ

સિન્ડિકેટની તા.૨૪/૦૫/૨૦૨૨ની મીનીટ્સ મંજૂર કરવા બાબત.

**આથી ઠરાવવામાં આવે છે કે, સમય મર્યાદામાં ખાસ સભાનું આયોજન થયેલ હોઈ તેથી ઉપર્યુક્ત બાબત આગામી સિન્ડિકેટ સભામાં રજુ કરવી.**

૨ પરીક્ષા-૫ સૌરાષ્ટ્ર યુનિવર્સિટી અધિનિયમની કલમ ૧૮(૧)(vii) ની જોગવાઈના સંદર્ભમાં જે વિદ્યાર્થીઓએ પદવી/ડીપ્લોમા પ્રદાન માટે આવેદનપત્રો ભરેલ હોય અને પદવી / ડીપ્લોમા મેળવવાને પાત્ર હોય.તેવા દરેક વિદ્યાર્થીઓને સ્ટેચ્યુટ-૧૫૮માં દર્શાવેલ જે તે પદવી/ડીપ્લોમા આગામી પદવીદાન સમારંભ /સેનેટ સભામાં હાજર/ગેરહાજમાં એનાયત કરવા સેનેટને અધિનિયમની કલમ ૧૮ (૧) (vii) અન્વયે ભલામણ કરવા બાબત.

આગામી <u>૫૭ માં વાર્ષિક પદવીદાન સમારંભ</u> જો હાજરમાં કરવાનો થતો હોય તો સાથે બિડાણ મુજબના તા.૧૩/૧૦/૨૦૦૮ ની રાજભવનની ગાઈડ લાઈન પ્રમાણે યુનિવર્સિટી દ્વારા ત્રણ તારીખ અથવા માનનીય કુલાધિપતિશ્રી સુચવે તે તારીખ નક્કી કરવા બાબત.

**આથી ઠરાવવામાં આવે છે કે, ઉપર્યુક્ત બાબતે ત્રણ તારીખ સૂચવવા માટે માન.કુલપતિશ્રીને સત્તા આપવી.**

**આથી વધુમાં ઠરાવવામાં આવે છે કે, આગામી ૫૭મા વાર્ષિક પદવીદાન સમારંભ અંગે માનનીય કુલાધિપતિશ્રી સૂચવે તે તારીખ રાખવી.**

3 મહેકમ-અ યુનિવર્સિટીનાં જુદા-જુદા અનુસ્નાતક ભવનોમાં ખાલી શૈક્ષણિક જગ્યાઓ સામે ૧૧ માસ કરાર આધારિત આસીસ્ટન્ટ પ્રોફેસરની જગ્યા ભરવા યોજાયેલ ઈન્ટરવ્યુ માટે તા.૦૮ તથા ૦૯ જૂન, ૨૦૨૨ નીચે દર્શાવેલ વિગતે મળેલ વરણી સમિતિની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત.

| ક્રમ | અનુસ્નાતક ભવનનું નામ | બજેટ હેડ | જગ્યા | વરણી સમિતિની તારીખ | રીમાર્કસ |
|---|---|---|---|---|---|
| ૧ | રસાયણશાસ્ત્ર અનુસ્નાતક ભવન | ગ્રાન્ટ ઇન એઇડ | ૦૬ | ૦૮/૦૬/૨૦૨૨ | ખાલી શૈક્ષણિક જગ્યા સામે |
| ૨ | ગણિતશાસ્ત્ર અનુસ્નાતક ભવન | ગ્રાન્ટ ઇન એઇડ | ૦૪ | ૦૮/૦૬/૨૦૨૨ | ખાલી શૈક્ષણિક જગ્યા સામે |
| ૩ | નેનો સાયન્સ એન્ડ એડવાન્સ્ડ મટીરીયલ્સ | ગ્રાન્ટ ઇન એઇડ | ૦૨ | ૦૮/૦૬/૨૦૨૨ | ખાલી શૈક્ષણિક જગ્યા સામે |
| ૪ | આંકડાશાસ્ત્ર અનુસ્નાતક ભવન | ગ્રાન્ટ ઇન એઇડ | ૦૩ | ૦૮/૦૬/૨૦૨૨ | ખાલી શૈક્ષણિક જગ્યા સામે |
| ૫ | કોમ્પ્યુટર સાયન્સ અનુસ્નાતક ભવન | ગ્રાન્ટ ઇન એઇડ | ૦૧ | ૦૮/૦૬/૨૦૨૨ | ખાલી શૈક્ષણિક જગ્યા સામે |
| ૬ | બાયોસાયન્સ અનુસ્નાતક ભવન | ગ્રાન્ટ ઇન એઇડ | ૦૮ | ૦૮/૦૬/૨૦૨૨ | ખાલી શૈક્ષણિક જગ્યા સામે |
| ૭ | ઇલેક્ટ્રોનિક્સ અનુસ્નાતક ભવન | ગ્રાન્ટ ઇન એઇડ | ૦૧ | ૦૮/૦૬/૨૦૨૨ | ખાલી શૈક્ષણિક જગ્યા સામે |

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૮ | ફાર્માસ્યુટિકલ્સ સાયન્સ અનુસ્નાતક ભવન | ગ્રાન્ટ ઇન એઇડ | ૦૮ | ૦૮/૦૬/૨૦૨૨ | ખાલી શૈક્ષણિક જગ્યા સામે |
| ૯ | સમાજશાસ્ત્ર અનુસ્નાતક ભવન | ગ્રાન્ટ ઇન એઇડ | ૦૨ | ૦૮/૦૬/૨૦૨૨ | ખાલી શૈક્ષણિક જગ્યા સામે |
| ૧૦ | અર્થશાસ્ત્ર અનુસ્નાતક ભવન | ગ્રાન્ટ ઇન એઇડ | ૦૫ | ૦૮/૦૬/૨૦૨૨ | ખાલી શૈક્ષણિક જગ્યા સામે |
| ૧૧ | ભૌતિકશાસ્ત્ર અનુસ્નાતક ભવન | ગ્રાન્ટ ઇન એઇડ | ૦૪ | ૦૯/૦૬/૨૦૨૨ | ખાલી શૈક્ષણિક જગ્યા સામે |
| ૧૨ | બાબાસાહેબ આંબેડકર ચેર | ગ્રાન્ટ ઇન એઇડ | ૦૨ | ૦૮/૦૬/૨૦૨૨ | ખાલી શૈક્ષણિક જગ્યા સામે |
| ૧૩ | ફિલોસોફી અનુસ્નાતક ભવન | ગ્રાન્ટ ઇન એઇડ | ૦૧ | ૦૮/૦૬/૨૦૨૨ | ખાલી શૈક્ષણિક જગ્યા સામે |
| ૧૪ | હિન્દી અનુસ્નાતક ભવન | ગ્રાન્ટ ઇન એઇડ | ૦૧ | ૦૮/૦૬/૨૦૨૨ | ખાલી શૈક્ષણિક જગ્યા સામે |
| ૧૫ | મનોવિજ્ઞાન અનુસ્નાતક ભવન | ગ્રાન્ટ ઇન એઇડ | ૦૩ | ૦૮/૦૬/૨૦૨૨ | ખાલી શૈક્ષણિક જગ્યા સામે |
| ૧૬ | સંસ્કૃત અનુસ્નાતક ભવન | ગ્રાન્ટ ઇન એઇડ | ૦૧ | ૦૮/૦૬/૨૦૨૨ | ખાલી શૈક્ષણિક જગ્યા સામે |
| ૧૭ | પત્રકારીત્વ અનુસ્નાતક ભવન | ગ્રાન્ટ ઇન એઇડ | ૦૨ | ૦૯/૦૬/૨૦૨૨ | ખાલી શૈક્ષણિક જગ્યા સામે |
| ૧૮ | અંગ્રેજી અનુસ્નાતક ભવન | ગ્રાન્ટ ઇન એઇડ | ૦૨ | ૦૯/૦૬/૨૦૨૨ | ખાલી શૈક્ષણિક જગ્યા સામે |
| ૧૯ | ગુજરાતી અનુસ્નાતક ભવન | ગ્રાન્ટ ઇન એઇડ | ૦૩ | ૦૯/૦૬/૨૦૨૨ | ખાલી શૈક્ષણિક જગ્યા સામે |
| ૨૦ | હોમ સાયન્સ અનુસ્નાતક ભવન | ગ્રાન્ટ ઇન એઇડ | ૦૪ | ૦૯/૦૬/૨૦૨૨ | ખાલી શૈક્ષણિક જગ્યા સામે |
| ૨૧ | વાણિજ્ય અનુસ્નાતક ભવન | ગ્રાન્ટ ઇન એઇડ | ૦૧ | ૦૯/૦૬/૨૦૨૨ | ખાલી શૈક્ષણિક જગ્યા સામે |
| ૨૨ | માનવ અધિકાર ભવન | ગ્રાન્ટ ઇન એઇડ | ૦૧ | ૦૯/૦૬/૨૦૨૨ | ખાલી શૈક્ષણિક જગ્યા સામે |
| ૨૩ | કાયદા અનુસ્નાતક ભવન | ગ્રાન્ટ ઇન એઇડ | ૦૨ | ૦૯/૦૬/૨૦૨૨ | ખાલી શૈક્ષણિક જગ્યા સામે |
| ૨૪ | એજ્યુકેશન અનુસ્નાતક ભવન | ગ્રાન્ટ ઇન એઇડ | ૦૨ | ૦૯/૦૬/૨૦૨૨ | ખાલી શૈક્ષણિક જગ્યા સામે |

નોંધ : યુનિવર્સિટી સ્થિત જુદા જુદા અનુસ્નાતક ભવનોમાં મંજુર સેટ અપની ખાલી જગ્યા સામે ૧૧ માસ કરાર આધારિત આસીસ્ટન્ટ પ્રોફેસરની જગ્યા ભરવા માટે તા.૦૮ તથા ૦૯ જૂન, ૨૦૨૨ નાં રોજ ઈન્ટરવ્યુ યોજવામાં આવેલ. જાહેરાત મહેકમ-અ વિભાગ દ્વારા માહિતી ખાતા દ્વારા જાહેરાત ક્રમાંક મહેકમ/અ/૨૬૦૩૪/૨૦૨૨ તા.૦૭/૦૫/૨૦૨૨ ના રોજ આપવામાં આવેલ.

3. **આથી ઠરાવવામાં આવે છે કે, ઉપર્યુક્ત વિગતે મળેલ વરણી સમિતિની નીચે મુજબની ભલામણો મંજૂર કરવી.**

**આથી વધુમાં ઠરાવવામાં આવે છે કે, ઉપર્યુક્ત વિગતે પસંદગી પામેલ ઉમેદવારોને હાલ ૪૪ દિવસની મુદ્દત માટે નિમણુંક આપવી.**

**આથી વધુમાં ઠરાવવામાં આવે છે કે, ૧૧ માસ કરાર આધારિત આસિસ્ટન્ટ પ્રોફેસરની ભરતી પ્રક્રિયામાં અનામત નીતિનાં અમલ બાબતે નેશનલ કમીશન ફોર શેડ્યુલ કાસ્ટનાં તા.૦૭/૦૬/૨૦૨૨નાં પત્રનાં સંદર્ભમાં સરકારશ્રી દ્વારા રેગ્યુલર ભરતી માટે નિયત થયેલ અનામત નીતિ લાગુ પડે કે કેમ? તે પરત્વે સરકારશ્રીનું માર્ગદર્શન મેળવવું તેમજ સરકારશ્રી તરફથી જે માર્ગદર્શન આવે તે ઉમેદવારને બંધનકર્તા રહેશે.**

| ક્રમ | અનુસ્નાતક ભવનનું નામ | બજેટ હેડ | જગ્યા | વરણી સમિતિની તારીખ | પસંદગી પામેલ ઉમેદવારનું નામ | વેઇટિંગમાં રખાયેલ ઉમેદવારનું નામ |
|---|---|---|---|---|---|---|
| ૧ | રસાયણશાસ્ત્ર અનુસ્નાતક ભવન | ગ્રાન્ટ ઇન એઇડ | ૦૬ | ૦૮/૦૬/૨૦૨૨ | તેજલ ડી. ભટ્ટ (ઓર્ગેનિક) | - |
| | | | | | મિતલ આર. સોની (ઓર્ગેનિક) | |
| | | | | | દેવાંગ એન. મોકરિયા (ઇનઓર્ગેનિક) | ૦૧. મયંક જે. મામતોરા (ઇનઓર્ગેનિક) |
| | | | | | દર્શના કે. પંડયા (એનાલીટીકલ) | - |
| | | | | | ફાલ્ગુની ડી. કારીયા (ફીઝીકલ) | - |
| | | | | | - | - |
| ૨ | ગણિતશાસ્ત્ર અનુસ્નાતક ભવન | ગ્રાન્ટ ઇન એઇડ | ૦૪ | ૦૮/૦૬/૨૦૨૨ | ડૉ. બદીયાણી સંકેત એમ. | - |
| | | | | | ડૉ. દવે વરદા આર. | |
| | | | | | બારડ દીપકકુમાર એન. | |
| | | | | | - | |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| ૩ | નેનો સાયન્સ એન્ડ એડવાન્સ્ડ મટીરીયલ્સ | ગ્રાન્ટ ઇન એઇડ | ૦૨ | ૦૮/૦૬/૨૦૨૨ | સાવલિયા ચિરાગ આર. | ૦૧. ત્રિવેદી પ્રિયંકા જી. |
| | | | | | ઝણકાટ ચેતનકુમાર કે. | ૦૨. વ્યાસ બ્રિન્દા કે. |
| ૪ | આંકડાશાસ્ત્ર અનુસ્નાતક ભવન | ગ્રાન્ટ ઇન એઇડ | ૦૩ | ૦૮/૦૬/૨૦૨૨ | સવસાણી મયુર વલ્લભદાસ | - |
| | | | | | તોલાણી જયશ્રી નરેન્દ્રકુમાર | |
| | | | | | રાંક દિશા કિશોરભાઈ | |
| ૫ | કોમ્પ્યુટર સાયન્સ અનુસ્નાતક ભવન | ગ્રાન્ટ ઇન એઇડ | ૦૧ | ૦૮/૦૬/૨૦૨૨ | દઈયા અમી કે. | - |
| ૬ | બાયોસાયન્સ અનુસ્નાતક ભવન | ગ્રાન્ટ ઇન એઇડ | ૦૮ | ૦૮/૦૬/૨૦૨૨ | ડો.જલ્પા રાંક (માઈક્રોબાયોલોજી) | ૦૧. ડો. હિતાર્થ બી. ભટ્ટ (માઈક્રોબાયોલોજી) |
| | | | | | ડો. કવન એન. અન્ધેરીયા (માઈક્રોબાયોલોજી) | |
| | | | | | જ્યોતિ એન. જીગ્યાશી (ઝૂલોજી) | ૦૧. રાવલ વિભૂતિ (ઝૂલોજી) |
| | | | | | ભાવિક કે. વંકાણી (ઝૂલોજી) | |
| | | | | | શ્વેતા પાઠક (ઝૂલોજી) | |
| | | | | | પ્રગ્નેશ પટેલ (ઝૂલોજી) | |
| | | | | | કિરણ એસ ચુડાસમા (બોટની) | ૦૧. પ્રીતેશ પી. ભટ્ટ (બોટની) |
| | | | | | મિતલકુમાર જે. કનેરિયા (બોટની) | |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| ૭ | ઇલેક્ટ્રોનિક્સ અનુસ્નાતક ભવન | ગ્રાન્ટ ઇન એઇડ | ૦૧ | ૦૮/૦૬/૨૦૨૨ | ઓજસ સુરુ એમ. | - |
| ૮ | ફાર્માસ્યુટિકલ્સ સાયન્સ અનુસ્નાતક ભવન | ગ્રાન્ટ ઇન એઇડ | ૦૮ | ૦૮/૦૬/૨૦૨૨ | ડો. તૃપેશ પેથાણી<br>ડો. પ્રિયા પટેલ<br>ક્રિશ્ના કોરડીયા<br>ડો. મેઘના પટેલ<br>ડો. દેવેન્દ્ર જે. વૈષ્ણવ<br>ડો. રિદ્ધિ શુક્લ<br>જલ્પા સાણન્દીયા<br>રીના ઉજરેજીયા | ૦૧. હિરલ મનાણી<br>૦૨. પોન્ખીયા ખ્યાતી<br>૦૩. મોનિકા સાંગાણી<br>૦૪. રક્ષા કે. શીલુ |
| ૯ | સમાજશાસ્ત્ર અનુસ્નાતક ભવન | ગ્રાન્ટ ઇન એઇડ | ૦૨ | ૦૮/૦૬/૨૦૨૨ | અકબરી અનસૂયાબેન જે.<br>પુરોહિત પૂર્વી કે. | ૦૧. વાઘિયા બીનાબેન બી. |
| ૧૦ | અર્થશાસ્ત્ર અનુસ્નાતક ભવન | ગ્રાન્ટ ઇન એઇડ | ૦૫ | ૦૮/૦૬/૨૦૨૨ | - | - |
| ૧૧ | બાબાસાહેબ આંબેડકર ચેર | ગ્રાન્ટ ઇન એઇડ | ૦૨ | ૦૮/૦૬/૨૦૨૨ | ડો. કાંતિલાલ ગોકળભાઈ કાથડ<br>ડો. રામ ભીમાભાઇ સોલંકી | ૦૧. ડો. અતુલ બાબુભાઈ સોન્દારવા |
| ૧૨ | ફિલોસોફી અનુસ્નાતક ભવન | ગ્રાન્ટ ઇન એઇડ | ૦૧ | ૦૮/૦૬/૨૦૨૨ | - | - |
| ૧૩ | હિન્દી અનુસ્નાતક ભવન | ગ્રાન્ટ ઇન એઇડ | ૦૧ | ૦૮/૦૬/૨૦૨૨ | બારીયા સરોજબેન એમ. | ૦૧. ચૌહાણ મહારુદ્રપ્રતાપસિંહ |
| ૧૪ | મનોવિજ્ઞાન અનુસ્નાતક ભવન | ગ્રાન્ટ ઇન એઇડ | ૦૩ | ૦૮/૦૬/૨૦૨૨ | દોશી ધારા આર.<br>ચાવડા હસમુખ એમ.<br>રામાણી ડીમ્પલ જે. | ૦૧. ત્રિવેદી કવિતા એ. |
| ૧૫ | સંસ્કૃત અનુસ્નાતક ભવન | ગ્રાન્ટ ઇન એઇડ | ૦૧ | ૦૮/૦૬/૨૦૨૨ | રાઠોડ શારદાબેન વી. | ૦૧. સોલંકી રામ બી. |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| ૧૬ | પત્રકારીત્વ અનુસ્નાતક ભવન | ગ્રાન્ટ ઇન એઇડ | ૦૨ | ૦૯/૦૬/૨૦૨૨ | ડો. તૃપ્તિ બી. વ્યાસ<br>ડો. જીતેન્દ્ર જે. રાદડીયા | ૦૧. ડો. રમકુભાઈ અલુભાઈ ભેડા<br>૦૨. ડો. યશવંત એન. હિરાણી |
| ૧૭ | અંગ્રેજી અનુસ્નાતક ભવન | ગ્રાન્ટ ઇન એઇડ | ૦૨ | ૦૯/૦૬/૨૦૨૨ | આડતિયા ચિરાગકુમાર આર.<br>મકવાણા પ્રદીપ એચ. | ૦૧. પડિયા મનીષકુમાર એન.<br>૦૨. ત્રિવેદી શ્વેતા કે. |
| ૧૮ | ગુજરાતી અનુસ્નાતક ભવન | ગ્રાન્ટ ઇન એઇડ | ૦૩ | ૦૯/૦૬/૨૦૨૨ | કાછડિયા ભરતકુમાર<br>ભરવાડ રાઘવભાઈ એચ.<br>સરસાવડીયા શીતલબેન એમ. | ૦૧. બથીયા આનંદ એમ. |
| ૧૯ | હોમ સાયન્સ અનુસ્નાતક ભવન | ગ્રાન્ટ ઇન એઇડ | ૦૪ | ૦૯/૦૬/૨૦૨૨ | ડો. શીતલ સોઢા (ફૂડ એન્ડ ન્યુટ્રીશન)<br>ડો. ગીતા રાઠોડ (ફૂડ એન્ડ ન્યુટ્રીશન)<br>અલ્પા ઓડેદરા (ફૂડ એન્ડ ન્યુટ્રીશન) | - |
| | | | | | ડો. જીગ્ના દવે (જનરલ હોમ સાયંસ) | - |
| ૨૦ | ભૌતિકશાસ્ત્ર અનુસ્નાતક ભવન | ગ્રાન્ટ ઇન એઇડ | ૦૪ | ૦૯/૦૬/૨૦૨૨ | અગ્રવાલ માલિની એસ.<br>ધ્રુવ દવીડ બી.<br>ઝણકાટ ચેતનકુમાર કે.<br>ત્રિવેદી પ્રિયંકા જી. | ૦૧. વ્યાસ બ્રિન્દા કે. |
| ૨૧ | વાણિજ્ય અનુસ્નાતક ભવન | ગ્રાન્ટ ઇન એઇડ | ૦૧ | ૦૯/૦૬/૨૦૨૨ | રાબડીયા વિશાલકુમાર વી. | ૦૧. સરૈયા અવની એલ.<br>૦૨. પરમાર કરણ એન. |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| ૨૨ | માનવ અધિકાર ભવન | ગ્રાન્ટ ઇન એઇડ | ૦૧ | ૦૯/૦૬/૨૦૨૨ | ભાસા વિજયકુમાર એલ. | ૦૧. દવે રક્ષા જે. |
| ૨૩ | કાયદા અનુસ્નાતક ભવન | ગ્રાન્ટ ઇન એઇડ | ૦૨ | ૦૯/૦૬/૨૦૨૨ | દવે રક્ષા જે.<br>ઠાકર ધારા આર. | ૦૧. ભાસા વિજયકુમાર એલ. |
| ૨૪ | એજ્યુકેશન અનુસ્નાતક ભવન | ગ્રાન્ટ ઇન એઇડ | ૦૨ | ૦૯/૦૬/૨૦૨૨ | વિરમગામા નિમિશકુમાર એન.<br>- | - |

**(નોંધ : વરણી સમિતીની ભલામણ સીલબંધ કવરમાં સભા સમયે રજુ કરવામાં આવેલ.)**

**અધ્યક્ષ સ્થાનેથી રજુ થયેલ બાબત**

૪ ડૉ. જી.કે.જોશી, ડેપ્યુટી રજીસ્ટ્રાર, સૌરાષ્ટ્ર યુનિવર્સિટીએ નીચે મુજબની યુનિવર્સિટીઓમાં રજીસ્ટ્રાર
મહેકમ-બ તરીકે બજાવેલ સેવા દરમ્યાન ખરીદી પ્રક્રિયામાં કરેલ અનિયમિતતા તથા રજીસ્ટ્રાર તરીકે સ્થાનિક તપાસ સમિતિમાં સભ્ય તરીકે નિયુક્તિ બાબતે વિચારણા થવા બાબત.

(નોંધ:

**A. સેન્ટ્રલ યુનિવર્સિટી ઓફ ગુજરાત**

૧. સેન્ટ્રલ યુનિવર્સિટી ઓફ ગુજરાતનાં તા.૧૩/૦૯/૨૦૨૧નાં પત્ર ક્રમાંક: F.No.10-9 (92)/2012-Admn./vol-II/800થી જણાવ્યા મુજબ ડૉ. જી. કે. જોશી દ્વારા સેન્ટ્રલ યુનિવર્સિટી ઓફ ગુજરાત ખાતેની રજીસ્ટ્રાર તરીકેની ડેપ્યુટેશન પરની સેવા તા.૨૮/૦૪/૨૦૧૧ થી તા.૨૭/૦૪/૨૦૧૨ દરમ્યાન ખરીદી પ્રક્રિયામાં અનિયમિતતા કરેલ છે.

૨. અત્રેની યુનિવર્સિટીનાં તા.૦૮/૧૧/૨૦૨૧નાં પત્ર ક્રમાંક: મહેકમ/બ/૬/૪૫૫૫/૨૦૨૧થી ડૉ. જી. કે. જોશીની સ્પષ્ટતા માંગવામાં આવેલ.

૩. ડૉ. જોશીએ તેમના તા.૧૧/૧૧/૨૦૨૧નાં પત્રથી સ્પષ્ટતા રજુ કરેલ.

૪. અત્રેની યુનિવર્સિટીનાં તા.૧૫/૧૨/૨૦૨૧નાં પત્ર ક્રમાંક: મહેકમ/બ/૬/ ૯૫૨૯/૨૦૨૧થી ડૉ.જોશીનો તા.૧૧/૧૧/૨૦૨૧નો ખુલાસો સેન્ટ્રલ યુનિવર્સિટી ઓફ ગુજરાતને મોકલી આપવામાં આવેલ.

**B. શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી, ગોધરા**

૧. ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રીની કચેરી, ગાંધીનગરનાં તા.૦૩/૧૦/૨૦૨૦નાં પત્ર ક્રમાંક: CHE/ISC-7/તપાસ/૨૦૨૦/૨૮૨૯૫-૯૬ મુજબ ડૉ. જોશીએ શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી, ગોધરા ખાતેની રજીસ્ટ્રાર તરીકેની સેવા તા.૦૫/૦૨/૨૦૧૬ થી તા.૦૪/૦૨/૨૦૧૯ દરમ્યાન સ્થાનિક તપાસ સમિતિમાં સભ્ય તરીકે શિક્ષણ વિભાગનાં તા.૨૬/૦૬/૨૦૧૫નાં પરિપત્ર મુજબ યુનિવર્સિટીનાં રજીસ્ટ્રારનું સ્થાન સ્થાનિક તપાસ સમિતિમાં હોઈ શકે નહિ, તે બાબતે કાર્યવાહી કરવા જણાવેલ છે તેમજ થયેલ કાર્યવાહીનો આધાર સહિતનો અહેવાલ મંગાવેલ છે.

૨. અત્રેની યુનિવર્સિટીનાં તા.૧૮/૧૨/૨૦૨૦નાં પત્ર ક્રમાંક: મહેકમ/બ/૬/૬૯૨/ ૨૦૨૦થી ડૉ. જી. કે. જોશીનો ખુલાસો માંગવામાં આવેલ.

૩. ડૉ. જોશીએ તેમના તા.૧૩/૧૦/૨૦૨૧નાં પત્રથી ખુલાસો રજુ કરેલ.)

**આથી સર્વાનુમતે ઠરાવવામાં આવે છે કે, ડૉ. જોશીએ રજૂ કરેલ ખુલાસો ગ્રાહ્ય રાખવામાં આવતો નથી. ઉપર્યુક્ત બાબત A તથા B સંદર્ભે હકીકતલક્ષી તપાસ અહેવાલ મેળવવા માટે નીચે મુજબના સભ્યશ્રીઓની સમિતિની રચના કરવી.**

**૧. ડૉ. વિમલભાઈ પરમાર (કન્વીનર)**
**૨. ડૉ. ધરમભાઈ કાંબલીયા** **૩. ડૉ. કલાધર આર્ય**
**૪. ડૉ. રાજેશ કાલરીયા** **૫. શ્રી પાર્થિવભાઈ જોશી**

**આથી સર્વાનુમતે વધુમાં ઠરાવવામાં આવે છે કે, સમિતિનો અહેવાલ ન આવે ત્યાં સુધી ડૉ. જી. કે. જોશીને સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં નવી નિમણુંક માટે જો અરજી કરેલ હોઈ તો તે જગ્યા અંગે સમાલાપ માટે ન બોલાવવા તેમજ અન્ય સંસ્થાઓ/ખાતાઓ માટેની નવી નોકરી, ડેપ્યુટેશન તેમજ લીયન માટે NOC ન આપવું.**

**(નોંધ: ઉપર્યુક્ત બાબતનાં સાધનિક કાગળો સભા સમયે વાંચી સંભળાવવામાં આવેલ.)**

૫ મહેકમ-અ ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રીની કચેરી, ગાંધીનગરનાં તા.૦૪/૦૬/૨૦૨૨નાં પત્ર ક્રમાંક: CHE/ISC-7/સૌરાષ્ટ્ર/૨૦૨૨/૨૬૨૩થી જણાવ્યા મુજબ સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં ઈતિહાસ વિષયના આસીસ્ટન્ટ પ્રોફેસર (SC)ની નિમણુંકમાં ગેરરીતી બાબતે ખાતાકીય તપાસની કાર્યવાહી કરવા અને કરેલ કાર્યવાહીની વિગતો મોકલી આપવા તેમજ નામ.હાઈકોર્ટનાં તા.૧૭/૦૧/૨૦૧૯નાં ચુકાદાનું પાલન કરવાની કાર્યવાહી તાત્કાલિક હાથ ધરવા વિચારણા થવા બાબત.

(નોંધ: ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રીની કચેરીનાં તા.૦૪/૦૬/૨૦૨૨ના પત્રથી નીચે મુજબની વિગતે જણાવવામાં આવેલ છે.

૧. તપાસ અહેવાલની વિગત મુજબ ઈતિહાસ વિષયના આસિસ્ટન્ટ પ્રોફેસર (SC)ની નિમણુંકમાં ગેરરીતી થયેલ જણાય છે.

૨. ગંભીર વહીવટી અનિયમિતતા બદલ અને તપાસ કાર્યવાહીમાં ગેરમાર્ગે દોરવા બદલ તત્કાલીન ઈન્ચાર્જ કુલસચિવ અને હાલ એકેડેમિક સ્ટાફ કોલેજ, સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં પ્રાધ્યાપક તરીકે ફરજ પર કાર્યરત ડૉ. ડી. ડી. પંડ્યાની જવાબદારી નક્કી કરી તેમની સામે ખાતાકીય તપાસની કાર્યવાહી કરવા જણાવવામાં આવે છે.

૩. ખાતાકીય તપાસની કાર્યવાહી દરમ્યાન રેકર્ડ સાથે ચેડા કરી શકે તેમ હોઈ અથવા કાર્યવાહી પર પ્રભાવ પાડી શકે તેમ હોઈ તો તેમની સામેની કાર્યવાહીના સમય પૂરતા ફરજીયાત રજા પર ઉતારવા અથવા ફરજમોકુફી (સસ્પેન્શન) હેઠળ મુકવા.

૪. આ કામગીરીમાં અન્ય કર્મચારી/અધિકારી/સિન્ડિકેટ સભ્યની સામેલગીરી હોઈ તો તેઓની પણ જવાબદારી નક્કી કરવાની કાર્યવાહી તાત્કાલિક હાથ ધરવાની રહેશે.

૫. શ્રી સુનીતાબેન પીયજાની નિમણુંક બાબતે નામ.હાઈકોર્ટમાં દાખલ થયેલ SCA/6382/2017નાં તા.૧૭/૦૧/૨૦૧૯નાં નામ.હાઈકોર્ટનાં ચુકાદાનું પાલન કરવાની કાર્યવાહી તાત્કાલિક હાથ ધરવી.)

આથી સર્વાનુમતે ઠરાવવામાં આવે છે કે, ઉપર્યુક્ત બાબતે હકીકતલક્ષી તપાસ અહેવાલ મેળવવા માટે નીચે મુજબના સભ્યશ્રીઓની સમિતિની રચના કરવી.

૧. ડૉ. રાજેશ કાલરીયા (કન્વીનર)
૨. ડૉ. વિમલભાઈ પરમાર ૩. ડૉ. અનિરૂદ્ધસિંહ પઢિયાર

આથી સર્વાનુમતે વધુમાં ઠરાવવામાં આવે છે કે, સમિતિનો અહેવાલ ન આવે ત્યાં સુધી ડૉ. ડી. ડી. પંડ્યાને સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં નવી નિમણુંક માટે જો અરજી કરેલ હોઈ તો તે જગ્યા અંગે સમાલાપ માટે ન બોલાવવા તેમજ અન્ય સંસ્થાઓ/ખાતાઓ માટેની નવી નોકરી, ડેપ્યુટેશન તેમજ લીયન માટે NOC ન આપવું.

આથી સર્વાનુમતે વધુમાં ઠરાવવામાં આવે છે કે, ઉપર્યુક્ત પત્રમાં પેરા-૦૩માં "…..આ કામગીરીમાં અન્ય કર્મચારી/અધિકારી/સિન્ડિકેટ સભ્યની સામેલગીરી હોઈ તો તેઓની પણ જવાબદારી નક્કી કરવાની કાર્યવાહી તાત્કાલિક હાથ ધરવાની રહેશે…." તેમ જણાવેલ છે. અત્રેની યુનિવર્સિટીનાં સિન્ડિકેટ સભ્યએ સૌરાષ્ટ્ર યુનિવર્સિટી અધિનિયમ-૧૯૬૫ની કલમ ૧૯ અન્વયે રચવામાં આવેલ એક્ઝીક્યુટીવ ઓથોરીટી-સિન્ડિકેટનાં સભ્ય છે જેમાં માન.કુલપતિશ્રી, નિયામકશ્રી ઉચ્ચ શિક્ષણ, નિયામકશ્રી ટેકનીકલ શિક્ષણ, નિયામકશ્રી આરોગ્ય અને તબીબી સેવાઓ, સરકારશ્રી દ્વારા નિયુક્ત ૦૪ સભ્યશ્રીઓ, ચુંટણી દ્વારા નિયુક્ત આચાર્યશ્રીઓ, પ્રાધ્યાપકો, સેનેટ મેમ્બરોનો સિન્ડિકેટ સભ્ય તરીકે સમાવેશ થાય છે. ઉપર્યુક્ત પત્રમાં સિન્ડિકેટ સભ્યની સામેલગીરી તેમજ જવાબદારી નક્કી કરવાની કાર્યવાહી બાબતે કરવામાં આવેલ શબ્દ પ્રયોગ એ યુનિવર્સિટીનાં અધિકાર મંડળની ગરીમા જળવાતી ન હોઈ, આ બાબતે જવાબદાર અધિકારીશ્રી સામે શિસ્તની કાર્યવાહી હાથ ધરવા અગ્રસચિવશ્રી, ઉચ્ચ શિક્ષણનું લેખિત ધ્યાન દોરવું.

(નોંધ: ઉપર્યુક્ત બાબતનાં સાધનિક કાગળો સભા સમયે વાંચી સંભળાવવામાં આવેલ.)

અંતમાં અધ્યક્ષશ્રીનો આભાર માની સભાનું કામકાજ પૂર્ણ કરવામાં આવેલ.

નં.સિન્ડિકેટ/૩૦૦૯૯/૨૦૨૨
સૌરાષ્ટ્ર યુનિવર્સિટી કાર્યાલય,
યુનિવર્સિટી કેમ્પસ, યુનિવર્સિટી રોડ,
રાજકોટ-૫
તા.૧૦/૦૬/૨૦૨૨

I/c કુલસચિવ

પ્રતિ,
સિન્ડિકેટના સર્વે સભ્યશ્રીઓ તરફ…

<u>નકલ સાદર રવાના (જાણ સારૂ)</u>::--
માન.કુલપતિશ્રી/કુલસચિવશ્રીના અંગત સચિવશ્રી.

<u>નકલરવાના (જરૂરી કાર્યવાહી અર્થે)</u>::--
૧. સર્વે વિભાગના અધિકારીશ્રીઓ તરફ.